INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ००૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org • E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧૮-૦૫-૨૦૨૨

મોરબીના હળવદમાં મીઠાના કારખાનામાં થયેલ દુર્ઘટનામાં ૧૨ શ્રમિકોના મોત અંગે કોંગ્રેસપક્ષના રાષ્ટ્રીય નેતા શ્રી રાહુલ ગાંધીએ દુ:ખ વ્યક્ત કરી, મૃતકોના પરિવારને સાંત્વના પાઠવી હતી. અતિ દર્દનાક દુર્ઘટનામાં ઘાયલ થયા છે તે સત્વરે સાજા થાય તેવી શુભકામના પાઠવી હતી.

મોરબીના હળવદમાં ૧૨ શ્રમિકોના કમકમાટી ભર્યા મોત અંગે સંવેદના વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, ભાજપ સરકારના અણઘડ, ભ્રષ્ટાચારી વહીવટને પગલે હજારો શ્રમિકો જોખમી પરિસ્થિતિઓમાં કામ કરવા મજબુર બન્યા છે. સાથોસાથ વારંવાર શ્રમિકો મોતને ભેટે છે. ત્યારે કોંગ્રેસપક્ષ સવાલ કરે છે કે, આ શ્રમિકોના મોત માટે જવાબદાર કોણ? યુનિટના માલિકો અને જી.આઈ.ડી.સી. સત્તાધીશો વચ્ચેની સાંઠગાંઠ ને કારણે સત્તાવાળાઓ જાણી જોઇને આંખ આડા કાન કરી રહ્યા છે. ગુજરાતના ઉદ્યોગો અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે, પરંતુ આ ઔદ્યોગિક સલામતીના નીતિ-નિયમોને નેવે મૂકવાને કારણે લાખો ગુજરાતીઓનું રોજિંદુ જીવન જોખમાઈ રહ્યું છે.

મોરબીના હળવદમાં મીઠાના કારખાનામાં દીવાલ ધસી પડતા ૧૨ શ્રમિકોના કમકમાટી ભર્યા મોત થયા જે ઘણી દુ:ખદ ઘટના છે. વારંવાર ઔદ્યોગિક એકમોમાં શ્રમિકો મોતને ભેટે છે. સરકાર માત્ર બે શબ્દ બોલી મગરના આંસુ સારે છે. અમદાવાદ, સુરત, વડોદરા ખાતે શ્રમિકોના કમકમાટી ભર્યા મોત થયા પણ સરકારના પેટનું પાણી ન હલ્યું. શું શ્રમિકોના જીવનની રક્ષા કરવાની ફરજ સરકારની નથી? શ્રમ અને રોજગાર વિભાગ કેમ મૌન છે? શું આ સરકારની સંવેદનશીલતા ફક્ત જાહેરાત પુરતી જ છે? જવાબદાર સામે તાત્કાલિક પગલાં ભરવામાં આવે. હળવદમાં બનેલી ગોઝારી ઘટનાને પગલે મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જયંતીભાઈ પટેલ, તાલુકા પ્રમુખડો. કે. એમ. રાણા તથા આગેવાનોએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. મૃતકના પરિવારજનોને રૂબરૂ મળી સાંત્વના પાઠવી. સાથોસાથ દુર્ઘટનામાં ઘાયલ થયેલા શ્રમિકોના ખબર-અંતર પૂછીને જલ્દી સ્વસ્થ થાય તેવી શુભકામના પાઠવી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા